દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૯ જૂન, ૨૦૨૬

# આંતરરાષ્ટ્રીય અવકાશ મથકને હવે નિવૃત કરી દેવાની જરૂર છે

અવકાશી પ્રયોગશાળા તરીકે જેને ઓળખવામાં આવે છે તે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન અઢી દાયકા કરતા વધુ સમયથી અવકાશમાં કાર્યરત છે. તે અવકાશમાં તરતું રહે છે, પૃથ્વીની પ્રદક્ષિણા કરતું રહે છે અને અત્યાર સુધી સંખ્યાબંધ અવકાશયાત્રીઓ તેના પર જઇને વિવિધ સમયગાળા માટે રોકાઇને વિવિધ પ્રયોગો કરી આવ્યા છે. આ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક હવે સ્વાભાવિક રીતે જૂનુ અને જર્જર થવા માંડ્યું છે અને હાલમાં એર લીકની સમસ્યાને કારણે અમેરિકી અવકાશ સંસ્થા નાસાએ આ અવકાશમથક પર કાર્યરત એવા પોતાના અવકાશયાત્રીઓને તાકીદની સ્થિતિમાં આ અવકાશ મથક છોડવું પડે તો તે માટે તૈયાર રહેવા આદેશ આપ્યો છે. સ્ટેશન પર નાસાના ક્રૂ-12 (Crew-12) મિશનના ચાર અવકાશયાત્રીઓ – બે યુએસ અવકાશયાત્રીઓ, એક ફ્રેન્ચ અવકાશયાત્રી અને એક રશિયન કોસ્મોનોટ – ને સોમવારે નાસા મિશન કંટ્રોલ તરફથી સ્ટેશન સાથે ડોક કરાયેલા તેમના ક્રૂ ડ્રેગન સ્પેસક્રાફ્ટમાં પ્રવેશવાનો આદેશ મળ્યો હતો. નાસાના એક અધિકારીએ જણાવ્યું કે, જો હવાનું લીકેજ ઇમરજન્સી સ્થળાંતરની નોબત લાવે, તો તે સ્થિતિને પહોંચી વળવા માટે ક્રૂને તેમના સ્પેસસુટ પહેરી લેવા માટે કહેવામાં આવ્યું હતું. નાસાએ પુષ્ટિ કરી છે કે આ ઓર્બિટલ લેબના રશિયન મોડ્યુલમાંથી હવા લીક થઇ રહી છે, જે 2019 થી આવી જ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. જો કે, રશિયન અવકાશ સંસ્થા રોસકોસ્મોસ દ્વારા છેલ્લી ઘડીએ આયોજિત સમારકામ રદ કરવામાં આવ્યા પછી, નાસાએ હવે પુષ્ટિ કરી છે કે ક્રૂ ‘આયોજિત કામગીરી પર પાછા ફરવા’ જઇ શકે છે. જો કે તેમણે સતર્ક તો રહેવું જ પડશે.

વધતા જતા એર લીકના કારણે નાસાએ અવકાશયાત્રીઓને યાનમાં આશ્રય લેવાનો આદેશ આપ્યો હતો. સ્પેસશીપ પર તિરાડો અને લીકેજ વચ્ચે, નાસા પાસે ISS ના ઇમરજન્સી સ્થળાંતર માટેની યોજના તૈયાર છે, અને તેનો ઉપયોગ થઇ શકે છે. ૧૯૯૮માં આંતરરાષ્ટ્રીય સહકારથી લોન્ચ કરવામાં આવેલા આ અવકાશ મથકમાં હવે સમસ્યાઓ સર્જાવા માંડી છે. હાલમાં એક લીકેજની સમસ્યા વધુ વકરી છે પરંતુ લીકેજ છ વર્ષ કરતા વધુ સમયથી થઇ રહ્યું છે. આ લીકેજ 2019 થી ચાલી રહ્યું છે, જ્યારે મોડ્યુલની ટ્રાન્સફર ટનલમાંથી હવા બહાર નીકળવા લાગી હતી. સમારકામના પ્રયાસો હવાનો પ્રવાહ રોકવામાં નિષ્ફળ જતાં આ લીકેજ ઝડપથી વધી ગયું હતું, જેના કારણે 2024 સુધીમાં દરરોજ 1.68 કિલોગ્રામ જેટલી કિંમતી હવા અવકાશમાં લીક થઈ રહી હતી. આ સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે નાસાએ કથિત રીતે તેને સ્ટેશન સામેના સૌથી વધુ જોખમી પડકારોમાં સ્થાન આપ્યું છે, જેમાં આંતરિક બેઠકો દરમિયાન ‘વિનાશક નિષ્ફળતા’ની સંભાવના પર પણ ચર્ચા કરવામાં આવી છે. હાલ 1 મેના રોજ જોવા મળેલા આ નવા લીકેજને કારણે શરૂઆતમાં દરરોજ લગભગ એક પાઉન્ડ હવા અવકાશમાં બહાર નીકળી જતી હતી - જે અંદાજે બ્રેડના એક પેકેટના વજન બરાબર છે. જો કે, આ સોમવારે આ દર બમણો થઈ ગયો હતો.

ભૂતકાળમાં, રોસકોસ્મોસના અવકાશયાત્રીઓએ છિદ્રને પ્લગ કરવા અને વધુ હવાને બહાર નીકળતી અટકાવવા માટે સીલંટનો ઉપયોગ કર્યો છે. જો કે, રશિયન એજન્સીના વર્તમાન સમારકામમાં વધુ જોખમ રહેલું છે, અને બાકીના અવકાશયાત્રીઓને સાવચેતીના ભાગરૂપે આશ્રય લેવાનો આદેશ આપવામાં આવ્યો છે. ‘વધારાના ભાગરૂપે, નાસાએ એજન્સીના સ્પેસએક્સ ક્રૂ-12 ના ચારેય સભ્યો અને નાસાના અવકાશયાત્રી ક્રિસ વિલિયમ્સને સમારકામ ચાલુ હોય તે દરમિયાન ડ્રેગન સ્પેસક્રાફ્ટમાં ઉચ્ચ સુરક્ષા સ્થિતિ જાળવી રાખવાનો નિર્દેશ આપ્યો છે.’ અધિકારીએ વધુમાં જણાવ્યું: ‘તિરાડો હંમેશા ચિંતાનો વિષય રહી છે જેને નાસા ખૂબ જ બારીકાઈથી જુએ છે. નાસા પાસે કટોકટીના કિસ્સામાં સ્પેસ સ્ટેશન ખાલી કરવાની યોજના તૈયાર છે, અને અવકાશયાત્રીઓ હવે તેને અમલમાં મૂકવા માટે તૈયાર છે. જે ક્ષણે હ્યુસ્ટન (મિશન કંટ્રોલ) સંકેત આપે છે, અવકાશયાત્રીઓ સ્ટેશનમાં હવાનું દબાણ ઘટી જાય તેવા કિસ્સામાં આશ્રય લેવા માટે તેમના નિર્ધારિત સ્પેસક્રાફ્ટ તરફ જાય છે. નાસાના જણાવ્યા અનુસાર, સ્પેસસુટની અંદર જવા માટે 30 મિનિટ જેટલો સમય લાગી શકે છે, જે વહેલી તૈયારીને ખૂબ મહત્વની બનાવે છે. જો સ્ટેશન અસુરક્ષિત બની જાય અને નાસાને સંપૂર્ણ સ્થળાંતર માટે આદેશ આપવાની ફરજ પડે, તો ક્રૂ તેમના સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન કેપ્સ્યુલને લોન્ચ કરશે અને પૃથ્વી પર પાછા ફરશે. નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ મેનેજર સ્ટીવ સ્ટિચે અગાઉ જણાવ્યું છે કે કટોકટીની સ્થિતિમાં, સ્પેસએક્સના ડ્રેગનને મિનિટોમાં ચાલુ કરી શકાય છે. આ ચિંતા એવા સમયે સામે આવી છે જ્યારે એવી આશંકાઓ વધી રહી છે કે આ જૂના થઈ રહેલા સ્પેસ સ્ટેશનને કોઈ હોનારત સર્જાય તે પહેલાં નિવૃત્ત કરવાની જરૂર છે. વર્ષ 1998 થી, જ્યારે પ્રથમ મોડ્યુલ પર બાંધકામ શરૂ થયું હતું, ત્યારથી ISS એ 20 જુદા જુદા દેશોના 250 થી વધુ મુલાકાતીઓનું આતિથ્ય કર્યું છે અને 400થી વધુ સંશોધન પત્રો રજૂ કર્યા છે. પરંતુ આશરે 1,46,000 ભ્રમણકક્ષા પૂર્ણ કર્યા પછી, ISS પર સ્થાપિત સિસ્ટમ્સ અને હાર્ડવેર હવે તેમની ઉંમર બતાવવા લાગ્યા છે. ISSને માત્ર 2015 સુધી જ ભ્રમણકક્ષામાં રાખવાનો અંદાજ હતો અને હવે તે નિવૃતિના સમયના અંદાજ કરતાં એક દાયકા કરતાં પણ વધુ સમયથી ભ્રમણકક્ષામાં કાર્યરત છે. હવે ચોક્કસપણે તેને નિવૃત કરીને નવું અવકાશમથક બાંધવા માટે વિચારણા કરવી જોઇએ.

## સ્માઈલ પ્લીઝ

પ્રોફેસર શ્વેતા વોલેન્ટરી રીટાયરમેન્ટ લીધું, બધાએ કારણ પૂછ્યું તો સ્માઈલ આપીને એટલું જ બોલ્યા, ‘મારે દરેક ચહેરા પર સ્મિત પ્રગટાવવું છે...’ કોઈકે પાછળથી મજાક કરી કે આટલી સારી જોબ છોડાવાની શું જરૂર ...બધાને હસાવવાનું થોડું શક્ય બને એ કઈ આપણું કામ નહિ... પ્રોફેસર શ્વેતાના સાથી મિત્રે પુછ્યું, ‘એવું તે શું કરીશ કે તું બીજાના ચહેરા પર સ્મિત પ્રગટાવી શકીશ તું ધારે છે એટલું સહેલું નથી.’

પ્રોફેસર શ્વેતા હસ્યા અને બોલ્યા, ‘મને ખબર છે સહેલું કામ નથી એટલે તો આ જવાબદારી વહેલી છોડી મારે તે મહત્વના કામની શરૂઆત કરવી છે.’ મિત્રએ કહ્યું, ‘પણ તને લાગે છે કે તું બીજાના ચહેરા પર સ્માઈલ લાવી શકીશ??’

શ્વેતાએ કહ્યું, ‘કોશિશ જરૂર કરીશ...કોઈ અજાણ્યાને સ્મિત આપીશ તો બધા નહિ પણ અમુક તો સામે સ્માઈલ આપશે તો તેમના ચહેરા પર સ્માઈલ આવશે જ ...કોઈ રડતા બાળકને ચોકલેટ આપીશ... કોઈ કામથી થાકેલાને ઠંડુ પાણી અને ગરમીથી ત્રસેલાને ઠંડો નેપકીન આપીશ.સતત નાના નાના આવા કામ કરતી રહીશ.’ બીજા કોઈ પ્રોફેસરે આ સાંભળી વ્યંગમાં બોલ્યા, ‘તમારી નોકરી છોડી તમે આ કામો કરશો અને તમને લાગે છે કે સમાજમાં બધા મુખ પર સ્માઈલ ફેલાઈ જશે ??’ પ્રોફેસર શ્વેતા બોલ્યા, ‘અહીં જ તમારી ભૂલ છે આ બધા કામ તો હું મારા મનની ખુશી માટે અને મારા ચહેરા પર સ્માઈલ લાવવા માટે કરીશ અને બીજાને કરવાની પ્રેરણા આપીશ. મારું મુખ્ય ધ્યેય તો જુદું જ છે.’

ચાર્જિંગ પોઇન્ટ

હેતા ભૂષણ

પ્રોફેસર શ્વેતાએ કહ્યું, ‘મારી મુખ્ય કામ છે જેમ તમને અત્યારે સમજાવી રહી છું તેમ બધાને એક સ્માઈલનું મહત્વ સમજાવવાનું... સ્માઈલનું મહત્વ જાણી લો કે આ સ્માઈલ ...આ એક સ્મિત ...આ આપણા બધાના મુખ પરની અર્ધગોળ રેખા એક અજબ એનર્જી છે.જેમ ઇલેક્ટ્રીસીટી બહુ મહત્વની છે તેના દ્વારા બધા સાધનો ચાલે છે અને બેટરી પણ ચાર્જ થાય છે તેમ આ સ્માઈલ એક એવી અખૂટ એનર્જી છે જેના દ્વારા આપણી લાઈફ ચાર્જ થાય છે.અને જયારે જયારે તમે સ્મિત આપો છો ત્યારે ત્યારે તે શક્તિનો સંચાર તમારા મન ,મગજ ,દિવસ ,કામકાજમાં પુરા જીવનમાં થાય છે અને જીવન સુંદર બને છે એટલે રોજ સવારે ઉઠીને જાતને મિરરમાં જોઇને સ્માઈલ આપો, ઘરના ભગવાને સ્મિત સાથે નમન કરો ,બધાને સ્મિત સાથે ગુડ મોર્નિંગ કહો, ઘરના સ્વજનો અને મિત્રો સામે તો હસતા જ હશો.દિવસમાં આવતા જતા વોચમેન, લીફ્ટમેન ,સ્વીપરને સ્માઈલ આપો, એક કે બે અજાણ્યાને તમારું સ્માઈલ ગીફ્ટમાં આપો અને લોકોને સમજાવતા રહો કે સ્માઈલ પ્લીઝ કારણ કે એક સ્મિત તમારા જીવનમાં શક્તિનો સંચાર કરે છે.’ સ્માઈલ આપો અને અન્યના મુખ પર લાવો કોઈપણ રીતે બસ સ્માઈલ આપતા રહો અને લોકોને સમજાવતા રહો કે સ્માઈલ પ્લીઝ કારણ એક સ્માઈલ તમારા દિવસ મન અને જીવનને પ્લેસન્ટ બનાવી શકે છે.’ બધાએ પ્રોફેસર શ્વેતાની વાત હસીને વધાવી લીધી.

# સાવધાન: માસૂમ બાળકો ડિજિટલ કચરાનો શિકાર બની રહ્યા છે!

એપ્રિલ -2026 માં બે વૈશ્વિક અહેવાલો એક સાથે પ્રસિદ્ધ થયા છે. બંને ચોંકાવનારા છે. એક અહેવાલ અમેરિકન ફેડરેશન ઓફ ટીચર્સના વડા ‘જોનાથન હાઇટ’ નો છે. જોનાથન નું એક ચર્ચાસ્પદ પુસ્તક હાલમાં જ પ્રસિદ્ધ થયું છે જેનું ટાઇટલ છેઃ ‘ The Anxious Generation’. જોનાથન સહિત અમેરિકાનાં લગભગ 135 જેટલાં સક્રિય સંગઠનોએ યુ-ટ્યુબ ના સીઈઓને એક ખુલ્લો પત્ર લખી વિનંતી કરી છે કે યુ-ટ્યુબ કિડ્સમાંથી એ.આઇ. સ્લોપને સંપૂર્ણપણે હટાવી દો.

અહીં ‘ સ્લોપ’ નો અર્થ થાય છે, ‘કચરો’. ‘એંઠવાડ’. આ ડિજિટલ કચરો AI નિર્મિત છે અને કોઇ પણ પ્રકારનાં ધારા-ધોરણ, સામાજિક ઉત્તરદાયિત્વ કે ઇષ્ટ-અનિષ્ટનો વિચાર કર્યા વિના માત્ર પૈસા કમાઇ લેવાની લ્હાયમાં બનાવવામાં આવે છે. જેનો પ્રથમ શિકાર માસૂમ બાળકો બને છે. બીજો અહેવાલ પણ અમેરિકાની ‘ફેરપ્લે’ સંસ્થાનો છે જે બાળકોના મૂળભૂત અધિકારો અને જરૂરિયાતો માટે લડત ચલાવે છે. ફેરપ્લેના તાજેતરના સર્વેક્ષણ મુજબ એ.આઇ. સ્લોપ ચેનલો માત્ર બાળકોને જ ટાર્ગેટ કરે છે અને દર વર્ષે 4.25 મિલિયન ડૉલર (39 કરોડ) ની કમાણી કરે છે ! આ ચેનલો 18 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને અલ્ગોરિધમ દ્વારા એવી વિષયવસ્તુ દેખાડે છે જે અત્યંત ભડકાઉ અને ઉત્તેજિત કરે તેવી હોય છે!

બંને અહેવાલો ખૂબ ડિટેલમાં છે અને એ.આઇ. એંઠવાડ સામે લાલબત્તી ધરી લડત ચલાવે છે. યુ-ટ્યુબને આ કચરો સાફ કરવા અને તે પ્રસારિત નહિ કરવા ચેતવણી પણ આપે છે.

WIRED મેગેઝીનનાં પ્રતિનિધિઓએ હાથ ધરેલા એક અભ્યાસ પ્રમાણે ‘Cute Cat’ જેવી યુ-ટ્યુબ ચેનલોમાં ‘Cute Cat’ શીર્ષક કેટલું નિર્દોષ લાગે છે ? ! હકીકતમાં તેનું સચિત્ર કન્ટેન્ટ એટલું નિર્દોષ નથી !! તેમાં એ.આઇ. સ્લોપ વિડીયો બિલાડીને પરેશાન કરી નિર્દય રીતે માર મારતાં દર્શાવવામાં આવે છે. આ વિડીયો સતત દર્શાવવામાં આવે છે

**વિનોદ પટેલ**

**યુ-ટ્યુબ વિડીયો, ભડકાઉ રંગો, ઊંચા ધ્વનિ તરંગો સતત પરિવર્તિત થતાં દશ્યો બાળકને જકડી રાખે છે**

અને મોટા ભાગનાં બાળકો ખૂબ જ રસપૂર્વક, આનંદ સાથે જુએ છે! આ જોતાં એવું લાગે છે કે નજીકના ભવિષ્યમાં ‘ બિલાડી’ નું સ્થાન કોઇ બાળક લઇ લે તો નવાઇ નહિ!! આપણે જંગલિયતની હદ વટાવી ચૂક્યાં છીએ. ‘હાલમાં જ ‘પ્યુ રિસર્ચ સેન્ટરે’ મોટા સેમ્પલ પર હાથ ધરેલ સંશોધનથી જાણવા મળ્યું છે કે અમેરિકામાં બે વર્ષથી નાની ઉંમરનાં 50 ટકા બાળકો યુ-ટ્યુબનાં કાયમી દર્શકો બની ગયાં છે. ભારતમાં આ આંકડો 70 ટકા પર પહોંચ્યો છે ! કેમ કે ભારતમાં બાળકોને છાનાં રાખવા મોબાઇલ પકડાવી દેવામાં આવે છે.જે બાળકનું સૌથી પ્રિય રમકડું છે!

બાળમનોવિજ્ઞાનના માનસશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ 5 વર્ષની ઉંમર સુધીમાં બાળકના મગજનો 90 ટકા વિકાસ થઇ ચૂક્યો હોય છે. આ સમયગાળામાં બાળક અસલી અને નકલી વચ્ચેનો ભેદ પારખતાં શીખે છે. તેની વિચારસરણી અને સમજણનું ગઠન થાય છે. તેના વ્યક્તિત્વનું ચણતર થાય છે. ડિજિટલ એંઠવાડ બાળકના આ મૂળભૂત પાયાને જ ખોખલો કરી રહ્યો છે.

અમેરિકાનું પ્રાથમિક કક્ષાનું શિક્ષણ પણ આ બાબતે લાચાર છે. તેથી ત્યાંનાં ઘણાં વાલીઓ તેમનાં બાળકોને ઘેર જ અભ્યાસ કરાવે છે! જો કે આપણા દેશમાં હજુ સુધી આ નોબત આવી નથી, પણ તેથી નિરાંતે ઊંઘતાં રહેવું એ હવે પોષાય તેમ નથી. કેમ કે આપણી વાસ્તવિક દુનિયાને એ.આઇ. એંઠવાડે આભાસી બનાવી દીધી છે! એવી આભાસી, જે આપણને વાસ્તવિક્તા કરતાં વધુ વાસ્તવિક લાગે !! વિડીયોમાં દર સેકન્ડે બદલાતી ફ્રેમ, બદલાતા ચહેરાઓ, અજીબોગરીબ સ્ટંટ, ઉત્તેજનાત્મક થ્રિ ડાઇમેન્શનલ સ્લોટ, જેને જોવાથી બાળકોની વાસ્તવિક્તાની સમજણ અને મૌલિક વિચારસરણીનો પાયો સાવ જ ખતમ થઇ જાય છે. આભાસી દુનિયાની પકડ એટલી મજબૂત હોય છે કે જે તેને માટે એક માત્ર સચ્ચાઇ બની રહે છે. યુ-ટ્યુબ વિડીયો, ભડકાઉ રંગો, ઊંચા ધ્વનિ તરંગો સતત પરિવર્તિત થતાં દશ્યો બાળકને જકડી રાખે છે. જુગુપ્સાનો ધોધ વરસાવે છે તેથી બાળકની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અને મેમરી સાવ ઘટી જાય છે. તે મૌલિક રીતે વિચારી શકતો નથી. સારા-નરસાનો ભેદ પાડી શકતો નથી. આમ જોવા જઇએ તો સૌથી મોટો ખતરો તો ખોટ્ટી માહિતીનો છે. માહિતીના પ્રચંડ ઢગલામાંથી સાચી માહિતી કઇ? મારા કામની માહિતી કઇ? વધુ પ્રમાણભૂત અને વિશ્વસનિય માહિતી કઇ? તે શોધવું મુશ્કેલ થઇ પડયું છે. આજે શાળા-કોલેજમાં પણ ઘણાં miss concept થી ભણાવવામાં આવે છે. યુ-ટ્યુબ ચેનલોનું કન્ટેન્ટ હંમેશા સાચું જ હોય તેવું બનતું નથી. તો કરીશું શું? આ બાબતે સરકારની ભૂમિકા શું? સમાજ, શાળાની ભૂમિકા શું? વાલીની ભૂમિકા શું? સરકાર કડક હાથે કેટલીક ચેનલો પર પ્રતિબંધ લાદી શકે. વાલી તેનાં બાળકો સ્ક્રીન પર શું જોઇ રહ્યાં છે તેનું સતત ધ્યાન રાખે. બાળકોનો સ્ક્રીન ટાઈમ કડકાઈથી મર્યાદિત કરે. તેને વાસ્તવિક દુનિયા સાથે જોડે. અસલી રમકડાં, અસલી રમતો માટે પ્રોત્સાહિત કરે. શાળામાં વાસ્તવિક જીવનના first Hand Learning Experiences પૂરા પાડવામાં આવે તો થોડે ઘણે અંશે બાળકોને બચાવી શકીશું.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# પ્રેમને ખાલી ખિસ્સું પોષાતું નથી..!

પ્રેમ-प्रेम सब कोइ कहै, प्रेम न चीन्है कोय।
आठ पहर भीना रहे, प्रेम कहावै सोय॥

જેમ યુદ્ધ-અરાજકતા-અશાંતિ-ગરીબી-મોંઘવારી વગેરે વિશ્વમાં નાબૂદ થવાનું નામ લેતી નથી એમ પ્રેમ પણ કોઈનો પીછો છોડતું નથી. ગલીગલીમેં એક જ નાદ, પ્રેમનાદ...પ્રેમનાદ..! પ્રેમ એવું વળગણ છે કે, જેને ઉંમર કે સંબંધનો બાધ આડો આવતો નથી. એટલે તો ક્યાંક વેવાઈ વેવણને લઈને ભાગી જાય, તો ક્યાંક વિદ્યાર્થી ‘ગુરી’ને લઈને ‘Long drive’ ઉપર નીકળી જાય. ભગવા-ઝભ્ભા બદનામ થાય એ બોનસ..! આવું સાંભળીએ ત્યારે ‘પ્રેમ પંથ પાવકની જવાળા ‘ વિધાનો જવાળામાં અગ્નિ-સ્નાન લેતાં હોય એવું લાગ્યા કરે..!

આજે મીરાંબાઈ-રાધા-તુકારામ-નરસિંહ મહેતા વગેરેના દૈવિક પ્રેમ ઉપર કંઈક ચીતરવાનો મારો ઈરાદો હતો, પણ ચમનિયો આડો ફરી વળ્યો. તમે તો જાણો છો કે, ચમનિયો એટલે હાસ્યનો બોંબ..! ફૂટે ત્યારે કરમાયેલા રીંગણ જેવા ચહેરામાં પણ હાસ્ય ફોડી કાઢે. ચમનિયાના નાકમાં ખંજવાળ જ આવવી જોઈએ, સળી કર્યા વગર જંપે નહિ.. કૂતરું સીધું જતું હોય તો પણ, તેને ‘હઅઅઅડ’ કરે..! ત્યાં સુધી એની પાચનક્રિયામાં વેગ જ નહિ આવે. એમાં આ વખતે હું એની અડફટે આવી ગયો. આધ્યાત્મિક પ્રેમને બદલે ‘લપ્પુક’ પ્રેમના રવાડે ચઢી ગયો. મને કહે, ‘ક્યારેક પ્રેમલા-પ્રેમલી’ ઉપર પણ કલમ ચલાવવાની રમેશિયા..! યુવાનોને પણ લાગે કે, અમારામાં હવા ભરવાવાળા કોઈ બેઠા છે. પ્રેમ તો યુવાનોમાં છવાઈ જવાનો ધોરીમાર્ગ છે. જોતો નથી..? પૂર્વજોએ આખે આખો ફેબ્રુઆરી મહિનો પ્રેમલા-પ્રેમલી માટે ફાળવેલો. ફણીધર નાગ જેવા Love Days બધા ફેબ્રુઆરીમાં જ આવે..? મને અધિક માસમાં આવી સલાહ આપે બોલ્લો..! ચમનિયાની છાતી આમ તો સાંકડી, પણ મારાથી લાંબો બહુ...! આજકાલ તો છોકરાને દુકાને લસણ લેવા મોકલ્યો હોય તો, એટલામાં પણ Love કરીને આવે..!

જો કે, અમારા જમાનામાં પણ પ્રેમના પડકારા તો હતા, પણ અત્યારના જેટલા ‘હાઈ-ફાઈ’ અને ચેપી નહિ..! પ્રેમમાં ‘સેન્સ’કરતાં નોનસેન્સ વધારે રહેતા. મોઢાની નકશી પણ એવી ‘સેક્સી’ નહિ રહેતી કે, એકબીજા ઉપર ‘ફિદા’ થઈ જવાય..! તેલના કુંડામાં માથું પલાળીને નીકળ્યા હોય એવા લટિયા જોઈને કોણ કહે કે, I love you Ramesh..? છોકરી ‘છીઈછીઈ’ બોલીને ભાગી જતી..! આજે તો એર-લાઈન કરતાં પણ ‘LOVE LINE’ફાસ્ટ..! ખિસ્સામાંથી સદગુરુના ફોટા નીકળવાને બદલે, પ્રિયંકા કે સલમાનના ફોટા નીકળે..! નહિ અમે ‘રોમેન્ટિક’ કે નહિ અમે ‘એન્ટીક’.. I LOVE YOU તો ઠીક ‘અલી કેમ છે’ કહેવામાં પણ, હોઠે ખંભાતી તાળાં લાગી જતાં.! કોઈ છોકરી સામે ભૂલમાં પણ પાંચ ફૂટના અંતરે ઊભેલા કોઈ જોઈ ગયું તો, ગામમાં વાત વાયરલ થતી કે, ‘ફલાણાને ફલાણી સાથે ‘છીમછીમ’ છે..!’ આજે તો આસોપાલવ ઉપર કેરી ઊગવાની હોય, એમ મીટ માંડીને રાહ જુએ કે પેલી ક્યારે ફરકે! એમાં એકાદ જો ‘હાઈ’ કહી ગઈ તો ભીનેવાન થઈ જાય..! આપણા ચામડા ઉનાળામાં બળે, ત્યારે પ્રેમઘેલા(લી) ને વસંતના વાયરા લાગે ને કાગડાના અવાજમાં કોયલના ટહુકા સંભળાય..! હવે તમે જ વિચારો કે, ઉંમરની છેલ્લી ઓવર ચાલતી હોય, ને ચમનિયો લપ્પુક પ્રેમ વિષે લખવા કહે, તો લખાય..? કાગળની હોડીમાં બેસીને દરિયો ખેડવા નીકળ્યા હોય એવું લાગે..! ‘હસાહસ’ માટે આવું મરણતોલ ‘સાહસ’ કરાય..? જાજરમાન કોફી હાઉસમાં બેસીને કોઈ પાગલ સાથે ઈઝરાયેલ-ઈરાન-અમેરિકાના યુદ્ધનો ઉકેલ શોધવાનું ગાંડપણ કરતા હોય એવું લાગે..! આપણને સંતનાં સ્વપ્નાં આવે, ને આ બંદાઓને વલસાડ-સુરતમાં મનાલીની મોસમ દેખાય..!

બધ્ધી વાત બરાબર કે, પ્રેમની રફતાર આગે સે ચલી આતી હૈ, નવી નથી આદિકાળથી છે. લયલા-મજનુ, શેણી-વિજાણંદ, રોમિયો-જુલિયટ, ક્લિયોપેટ્રા-માર્ક એન્ટની, ઓખા-અનિરુદ્ધ, હીર-રાંઝા, જેવાના તો પ્રેમના ઈતિહાસ લખાયેલા. એ લોકો સામેવાળાની પોઝીશન કે સામેવાળાના ખિસ્સા



**મંગલ મસ્તી**

**રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’**

**પ્રેમ તો યુવાનોમાં છવાઈ જવાનો ધોરીમાર્ગ છે. જોતો નથી..? પૂર્વજોએ આખે આખો ફેબ્રુઆરી મહિનો પ્રેમલા-પ્રેમલી માટે ફાળવેલો**

જોઈને પ્રેમ નહિ કરતા. આજે તો, ભૂખે પેટે ભજન નહિ થાય, એમ ખિસ્સા ખાલી હોય તો, પ્રેમનો દાણો ચાંપવા પણ નહિ ફરકે..! ને ભરેલા ખિસ્સા હોય તો, થોડોક સમય જાય એટલે, નાગના માથે દેડકી એવી બેસી જાય કે, પ્રેમ હાંસિયામાં ને ભાઈ ગજવામાં..! એમાંથી શરૂ થાય ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા..! એની જાતને, એમાં ને એમાં લગન કરતાં છૂટાછેડાના ખર્ચા વધી ગયા..!

ખિસ્સું એટલે પ્રેમનો આધારસ્તંભ. ખિસ્સું, એટલે ગજવો, હૃદયના વિસ્તારને સાચવીને બેઠેલો કાપડનો નાનો ટુકડો..! ખિસ્સું ભરેલું હોય તો ચમન શેઠ ને ખાલી હોય તો ચમનિયો..! જેનાં ખિસ્સાં તર, તેને ત્યાં સમંદર..! જેના ખિસ્સા ખાલી, તેને કાયમની પાયમાલી..! ખિસ્સું ભરેલું હોય તો ઐશ્વર્યા પણ ‘હાઈ’ કરી પાડે, નહિ તો જયસૂર્યા પણ ‘હેલ્લો’ કરવા નહિ આવે..! ખિસ્સા ભરેલા હોય તો, લાભ-અમૃત ને શુભનાં ચોઘડિયાં ઢોલીયે બંધાયેલાં રહે, ને ખાલી હોય તો, પાળેલા કૂતરા પણ પલાયન થઈ જાય..! ધનવાનના ખિસ્સામાં આખી બેંક હોય ને ગરીબનાં ખિસ્સાં બગડેલા ટ્રાફિક સિગ્નલ જેવાં હોય..! એમાં અમુક તો કાળુડી કૂતરીને આવ્યાં ગલુડિયાં..ની માફક એટલાં ખિસ્સાં પહેરીને નીકળે કે, શરીર ઉપર ખિસ્સા જ દેખાય. પછી ઘરમાં ભલે ઉંદરડા ભૂખે મરીને આપઘાત કરતા હોય..! પણ એકેય ખિસ્સામાં રૂપિયાની જમાવટ ના હોય..! સાથે એકાદ બે તો ‘ચોર ખીસ્સી’ પણ હોય. જે ખિસ્સાથી વધારે ચાલાક! પ્રેમના દસ્તાવેજ (?) એ ચોર ખીસ્સીમાં હોય..! શીઈઈઈટ..! .ખિસ્સા ઉપર મહાનિબંધ લખીને આપણે ક્યાં PHD થવું છે..? પણ આ તો એક વાત..!

બાકી, વિકારી પ્રેમ એટલે રેશમી મોજાં નીચેનું ખરજવું .એ દૂધના ઉભરા જેવા પણ હોય ને સાગર જેવા શાંત અને ઊંડા પણ હોય. જે સમય, સ્થિતિ અને સંજોગ પ્રમાણે કાચિંડાની માફક રંગ બદલતા રહે.

આમ તો, પ્રેમ શબ્દની સાઈઝ અઢી જ અક્ષરની, પણ ખુમારી બહુ ભારી..! પ્રેમ-લગ્ન-મૃત્યુ-જન્મ-ધર્મ-કર્મ-મર્મ-કૃષ્ણ અને પત્ની...વગેરે બધા જ અઢિયા શબ્દો, છતાં કેવાં તેજોમય..અ? દરેકના ચોકા અલગ..! મુદ્દાની વાત કરું તો પ્રેમ તો ઘણાએ કર્યો હોય, પણ પતિ પત્નીએ પોતપોતાના X પ્રેમી વિષે ખુલ્લા મને એકરાર કર્યો હોય, એવું સાંભળવામાં આવ્યું નથી. ચલતીકા નામ ગાડી..!

**લાસ્ટ ધ બોલ**

શિક્ષકે ચમનિયાને પૂછ્યું કે, ‘દૂરની માસીને અંગ્રેજીમાં શું કહેવાય..?

ચમનીયો કહે, ‘FARMACY...! આ ચમનિયો આજે એકાદ દેશમાં શિક્ષણ પ્રધાન છે બોલ્લો..! એના કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિવિધભારતી ની વિસંગતતા

વિવિધ ભારતી હમણાં આકાશવાણી ના 90 વર્ષ ઉજવી રહ્યું છે. અગાઉ મેં વિવિધ ભારતીના સ્થાનિક સુરત કેન્દ્રની ઊણપ વિષે લખેલું. થોડા દિવસ પહેલાથી મુખ્ય કેન્દ્ર એ એના રેગ્યુલર કાર્યક્રમોના સમયમાં થોડો ફેરફાર કર્યો છે. જેમાં કેટલાક ફેરફાર આવકાર્ય છે જ્યારે કેટલાક ફેરફાર શ્રોતાઓ માટે અનુકૂળ નથી. ઉદાહરણ તરીકે “ આજ કે ફનકાર “ કાર્યક્રમનો સમય સવારે અને સાંજે પહેલાની માફક 9:30 કર્યો તે ખૂબ જ સરસ ફેરફાર છે. પરંતુ કાર્યક્રમની રૂપરેખા આપતા “ઝરૂખા” કાર્યક્રમનો સમય સવારે અને સાંજે સાડા છ વાગ્યાનો કર્યો છે તે ઘણા શ્રોતાઓને અનુકૂળ આવે તેવો નથી. કારણ કે, સવારે શ્રોતાઓ કદાચ આટલા વહેલા જાગી ન જતા હોય અને સાંજે સાડા છ વાગ્યે લગભગ ઘરની બહાર જ હોય. આ કાર્યક્રમનો સમય સવારે અને સાંજે પહેલાની માફક સાડા આઠ વાગ્યાનો રાખવો જોઈએ. જેથી બીજા દિવસના પ્રોગ્રામની જાણકારી મળી શકે. ઉપરાંત સવારે અને સાંજે એક જ ફનકારનો કાર્યક્રમ આવતો હતો તેથી સવારે સાંભળવાનું ચુકી જવાય તો સાંજે સાંભળી શકાય અથવા બે વખત સાંભળવાની મજા આવે. તેને બદલે હમણાં હમણા ઘણી વખત એક જ દિવસે બે જુદા જુદા ફનકારના પ્રોગ્રામ આપવામાં આવે છે તે બરાબર નથી. આ પ્રોગ્રામ શ્રોતાઓની ભાગીદારીનો કાર્યક્રમ છે. પરંતુ, આ પ્રોગ્રામમાં શ્રોતાઓના એટલા બધા મેસેજ આવે છે અને વંચાય છે કે કાર્યક્રમની મજા જ મરી જાય છે. માટે શ્રોતાઓના સંદેશા માટે કોઈ લિમીટ રાખવી જોઈએ એવું લાગે છે.

**સુરત -અરવિંદ દલાલ**

## ‘સંતોષી નર સદા સુખી’ - એટલે ?

‘સંતોષી નર સદા સુખી’ આ કહેવતમાં કેટલાક લોકોને કન્ફ્યુઝન હોય છે. કેટલાક એવી દલીલ કરે છે કે વ્યકિત જો સંતોષી હોય તો તે જીવનમાં આગળ પ્રગતિ કઇ રીતે કરી શકે? આપણી કહેવતોમાં જે વિચાર હોય છે તે બરાબર હોય છે. તે સમય અને સંજોગો અનુસાર સમજવો પડે છે.એક વિદ્યાર્થી ભણવામાં ખૂબ મહેનત કરે અને તેનું પરિણામ તેના ધાર્યા કરતાં ઓછું આવે તો તેને અસંતોષ જરૂર થવાનો. પરંતુ વ્યકિતના હાથમાં કંઇ ન હોય તો તે પરિણામ માટે દુઃખી થવા કરતાં તેને સ્વીકારી લેવું જ યોગ્ય છે. ખૂબ પૈસો ખર્ચીને ખૂબ મહેનત કરીને મેળવેલ ડીગ્રીને અનુરૂપ જોબ ન મળે ત્યારે પણ હતાશ થવાને બદલે પરિસ્થિતિને ધ્યાને રાખીને કમાણી ચાલુ કરીએ તો દુઃખી ન થવાય. જેની પાસે ધન છે. મકાન છે. સુખ સગવડના તમામ સાધનો છે.પત્ની અને બાળકો છે, તેવી વ્યકિત વધુ ને વધુ નાણાં કમાવા પ્રયત્ન કરે અને પોતાના સ્વાસ્થ્ય તથા કુટુંબને જોખમમાં મુકે ત્યારે તેવી વ્યકિત અસંતોષી કહેવાય. ધ્યેય પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો એ અસંતોષ નથી.પરંતુ હોય તેના કરતાં વધુ ને વધુ મેળવવા માટે દુઃખી થવુ તે અસંતોષ છે.જે ભૌતિક વસ્તુઓ આપણે મેળવી શકવા સક્ષમ ન હોઈએ. તે ન મળે તેનો અફસોસ કરવો તે અસંતોષ છે.ટૂંકમાં, કોઈપણ વસ્તુના અભાવે મનોમન જે દુઃખી થતો નથી તે સંતોષી છે અને તેવો નર એટલે નર નારી બંને આવી જાય તે સદા સુખી છે.

**સુરત -પ્રવિણ પરમાર**

## શહેરનો વિકાસ લોકોના રોગનું કારણ

વિકસિત શહેરોમાં કન્સ્ટ્રક્શન વધવાને કારણે લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે છે. આવા વિકસિત શહેરોમાં મોટાભાગના કન્સ્ટ્રક્શન ક્ષેત્રો ખુલ્લા હોવાથી ખોદકામ દરમિયાન અથવા રેતી,માટી કે અન્ય ચીજ વસ્તુના પરિવહન દરમિયાન અતિ સૂક્ષ્મ ધૂળ માટી ના રજકણો હવામાં ભળે છે અથવા કન્સ્ટ્રક્શન સાઇડની આસપાસ રહેતા લોકો કે રોડ પર ચાલતા વાહન ચાલકો ને સુક્ષ્મ ધૂળ માટી ના રજકણોને લીધે ખૂબ જ તકલીફનો સામનો કરવો પડે છે ઉપરાંત આ સુક્ષ્મ ધૂળ માટી ના રજકણો થી લોકોના નાક,મોં કે આંખમાં પ્રવેશી શકે છે જેના લીધે લોકોને ભવિષ્ય ગંભીર રોગોનો સામનો કરવો પડી શકે તેમ છે. ભવિષ્યમાં એ નાક સંબંધિત રોગો, આખો સંબંધિત રોગો અને બીજા અન્ય રોગોનું પ્રમાણ વધી શકે છે આવી પરિસ્થિતિને લીધે લોકોમાં ભવિષ્યમાં અસ્થમા, બ્રોન્કાઈટીસ, ક્રોનિક એબ્સ્ટ્રેક્ટિવ ડીસીઝ, સિલિકોસીસ જેવા રોગો થઈ શકે છે. વિકસિત શહેરોમાં વસવાટ કરતા લોકોને કામ ધંધે જવા માટે અથવા તો આવા ક્ષેત્રોમાંથી દરરોજ પસાર થવાનું હોવાથી આવા લોકો પોતાની સલામતી માટે સૂક્ષ્મ ધૂળ માટી ના રજકણો શરીર માં ના પ્રવેશે તે માટે માસ્ક, ચશ્મા નો ઉપયોગ કરવો જોઈએ જેથી ભવિષ્યમાં થનારા આંખ, નાક, મોં સંબંધિત રોગોથી બચી શકાય આ સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં નહીં આવે તો વિકાસ બનશે લોકો માટે અભિશાપ.

**સુરત -બોરડ રાહુલ**

## વિલન પ્રાણ નો “યુ-ટર્ન”

ફિલ્મ અભિનેતા મનોજકુમારનું મુળનામ હરિકૃષ્ણ ગીરી ગોસ્વામી હતું, પરંતુ દિલીપકુમારનું ‘શબનમ’ ફિલ્મમાં મનોજ નામ હતું તેનાથી પ્રભાવિત થઈને મનોજકુમાર નામ ધારણ કર્યું હતું. મનોજકુમાર 1965 માં ‘શહીદ’ ફિલ્મ બનાવી હતી. જે સુપરહિટ નીવડતા ત્યાર પછી 1967માં ‘ઉપકાર’ ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ માટે તત્કાલીન વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ પ્રેરણા આપી હતી અને જય જવાન, જય કિસાન નારાને ઉજાગર કરવા કહ્યું હતું. ‘ઉપકાર’ ફિલ્મ બની પરંતુ નવો વળાંક આવ્યો હતો.મલંગ યાચાના રોલ માટે ખૂંખાર વિલન પ્રાણને પસંદ કરવામાં આવ્યા હતા. પ્રાણની ઈમેજ વિલન તરીકેની હતી. તેમણે જિસ દેશમે ગંગા બહતી હૈ, છલિયા,ગંવાર, લવ ઇન ટોકિયો, રામ ઔર શ્યામ, ગોપી જેવી અનેક ફિલ્મોમાં ખૂંખાર વિલનની ભૂમિકા ભજવી હતી પરંતુ ઉપકારમાં પ્રાણને મલંગ થાયાનો રોલ આપી ચરિત્ર અભિનેતા બનાવ્યા હતા. તે પ્રાણનો યુ-ટર્ન હતો. ત્યાર પછી પ્રાણ સાહેબે વિલનનો રોલ કરવાનું બંધ કરી દીધું હતું. ઉપકાર સુપરહિટ નીવડી ત્યારપછી મનોજકુમારે દેશભક્તિના વિષય પર પૂરબ ઓર પચ્ચીમ રોટી કપડા ઓર મકાન, શોર, કાંતિ વગેરે.. મનોજકુમારના નિર્માણ કાર્યમાં તેમની પત્ની શશી ગોસ્વામીનો સહયોગ હતી. મનોજકુમાર ‘ભારતકુમાર’ તરીકે ઓળખાવા લાગ્યા હતા. મનોજકુમારને દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળ્યો હતો. તેમનો જન્મ ૨૪ જુલાઈ ૧૯૩૭ ના અબોટાબાદમાં થયો હતો. મુંબઈની કોકિલા અંબાણી હોસ્પિટલમાં ૮૭ વર્ષની વયે ૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ નિધન થયું હતું ગાર્ડ ઓફ ઓનરની સલામી સાથે તેમના અગ્નિ સંસ્કાર કરાયા

**તરસાડા -પ્રવીણસિંહ મહીડા**

## ડિફરન્સ પણ ક્રિએટિવ હોય....

માણસ હોય એટલે સંબંધો તો હોવાના જ અને સંબંધો હોય એટલે કોઈક જગ્યાએ સંઘર્ષો પણ હોવાના.આ સંબંધો અને સંઘર્ષોનું વ્યવસ્થાપન એટલે જ જીવન.હાલમાં જ ડોન - 3 ફિલ્મના મેકર ફરહાન અખ્તર અને જાણીતા અભિનેતા રણવીરસિંહ વચ્ચે ઊભા થયેલા સંઘર્ષની વાત ખૂબ ચર્ચામાં છે.શું સાચું ને શું ખોટું એ તો એ બે પક્ષકારો જ સારી રીતે જાણતા અને સમજતા હોઈ શકે છે. મીડિયામાં પ્રસારિત થયેલી વાતો અનુસાર એમની વચ્ચે “ક્રિએટિવ ડિફરન્સિસ” ઊભા થયાં છે. અર્થાત્ ફિલ્મી વાર્તા,પાત્રોની ભૂમિકા વગેરે જેવી બાબતો અંગે બંને પક્ષકારો વચ્ચે સંઘર્ષો ઊભા થયાં છે.આ બાબત અંગે એમની વચ્ચે શું નિવારણ આવશે એ તો એ જ જાણે પણ વિવાદ કે સંઘર્ષને ક્રિએટિવ ડિફરન્સ કહેવાની આ ક્રિએટિવ રીત ખૂબ ગમી.

**નવસારી - ઈન્તેખાબ અનસારી**